WWW.LIVELAW.IN



દાખલ તારીખ – ૧૮/૦૪/૨૦૧૯
રજીસ્ટર તારીખ – ૧૮/૦૪/૨૦૧૯
ફેસલ તારીખ – ૦૬/૦૭/૨૦૧૯
સમયગાળો – વર્ષ–માસ–દિવસ
૦૦ –૦૨– ૧૮

. સત્યમેવ જયતે

## રાજકોટ જિલ્લાના બીજા એડીશ્નલ સેશન્સ જજશ્રી સમક્ષ, મું.ધોરાજી

સેશન્સ કેસ નં.૧૩/૨૦૧૯
આંક–૩૯

શ્રી સરકાર

(ધોરાજી પોલીસ સ્ટેશન

ફર્સ્ટ ગુ. ર. નં. ૯/૨૦૧૯ ) ..................... ફરીયાદી

**વિરૂઘ્ઘ**

સલીમભાઈ કાદરભાઈ મકરાણી

ઉ.વ.૪૨, રહે.રસુલપરા, ઈદગાહ સામે,

જુના ઉપલેટા રોડ, મુ.ધોરાજી. ......................આરોપી

**ગુન્હોઃ**– ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯, ૪૨૯, ૨૯૫(ક), ૨૦૧ તથા ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ ૫, ૬ તથા ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૧ ની કલમ–૬ખ(૧) તથા ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ ૮(૨) મુજબની શિક્ષાનેપાત્ર.

---

સરકારશ્રી તરફે વિ.એડી.પીપી.શ્રી કે.એમ.પારેખ.
આરોપી તરફે વિ.વ.શ્રી બી.એ.જુણેજા.

## ચૂ કા દો

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની વિગત એવી છે કે, આ કામના ફરીયાદી સતારભાઈ આદમભાઈ કોલીયા જાતે માજોઠી, ઉ.વ.૬૩, ઘંઘો ડ્રાઈવીંગ રહે.ધોરાજી જુના

WWW.LIVELAW.IN



ઉપલેટા રોડ, રસુલપરા ઈદગાહ સામેવાળાએ ધોરાજી પોલીસ સ્ટેશનના ઈ/ચા. પી.એસ.આઈ.શ્રી જે.બી.મીઠાપરા રૂબરૂ એવી ફરીયાદ હકીકત નોંધાવેલ હતી કે, તેઓ તેમના પરિવાર સાથે ઉપર લખાવ્યા સ્થળે રહે છે અને ધોરાજીમાં એસ.બી.આઈ.બેંકમાં ડ્રાઈવર તરીકે નોકરી કરી તેમના પરિવારનું ગુજરાન ચલાવે છે.

" ગઈ તા. ૨૯/૦૧/૨૦૧૯ ના રાત્રીના આઠેક વાગ્યે મારા ઘરે એક ગાય તથા એક વાછરડી અંદાજે બે વર્ષની છે તે મારી પત્ની જુબેદાબેને ફળીયામાં લાવીને બાંધેલ હતી અને અમો રાત્રીના નવેક વાગ્યે ઠંડી વધારે હોય જેથી અમારા ઘરનો દરવાજો બંધ કરીને જમવા બેસેલ હતા. જમીને સાડા નવ પોણા દશેક વાગ્યે ઘરની બહાર નિકળેલ ત્યારે ફળીયામાં અમારી બાંધેલ વાછરડી જોવામાં આવેલ નહી જેથી અમોને લાગેલ કે વાછરડી છુટીને કયાંય બહાર જતી રહેલ હશે જેથી અમોએ ઘરના સભ્યોએ આજુબાજુ તથા ગામમાં અમારી વાછરડી અંગે તપાસ કરતા મળી આવેલ નહી અને મોડી રાત્રી થઇ જતા અમો અમારા ઘરે આવતા રહેલ હતા. અમારી વાછરડી ઘરમાંથી જતી રહેલ અંગેની જાણ મેં તથા મારા દિકરા ફારૂકભાઇએ અમારા સંબંધી મિત્રોને કરેલ હતી અને આજરોજ સવારના નવ વાગ્યાથી આ અમારી વાછરડીની તપાસ કરતા મળી આવેલ ન હતી. પરંતુ મારા દિકરા ફારૂકના મોબાઈલ ફોનમાં તેના મિત્ર કાસમનો ફોન આવેલ કે તમારી વાછરડી મળેલ કે નહી તેમ કહેતા અમોએ તેને ના પાડતા તેણે જણાવેલ કે વોરાના કબ્રસ્તાન પાસે બુગદો છે ત્યાં એક વાછરડીનું માથુ તથા અવશેષો પડેલ છે. જેથી હું બેન્કે નોકરી ઉપર હોય મારા દિકરાએ આવીને મને વાછરડીના અવશેષો અંગે વાત કરતા હું તથા મારો દિકરો ફારૂક તથા મારા પત્નિ જુબેદાબેન તથા મારા કુટુંબી ભત્રીજા અનવરભાઇ કાસમભાઇ તથા હનીફભાઇ ઓસમાણભાઈ તથા શકીલભાઇ નીઝામભાઈ એમ અમો બધા વોરાના કબ્રસ્તાન સામે આવેલ બુગદામાં ગયેલ હતા અને જોયેલ તો એક વાછરડીનું માથુ તથા પુંછડુ તથા બે પગ કાદવ કીચડમાં પડેલ હતા. જેથી અમોએ આ વાછરડીના અવશેષો બહાર કાઢેલ અને જોયેલ તો આ અમારી જ વાછરડીના અવશેષો હોય જેથી અમોએ આજુબાજુમાં તપાસ કરતા અમોને જાણવા મળેલ કે અમારા ઘરની પાછળ રહેતા સલીમભાઇ કાદરભાઇ મકરાણીના ઘરે લગ્ન

WWW.LIVELAW.IN



પ્રસંગ હોય જેથી અમોને શક જતા તેમને પુછપરછ કરતા પહેલા તેઓએ અમને કાંઇ કહેલ ન હતુ. પરંતુ અમોએ ફરીયાદ લખાવવાનું કહેતા આ સલીમભાઈએ અમોને જણાવેલ કે અમારા ઘરે લગ્ન પ્રસંગ હોય અને મારી પાસે શાક બનાવવાના પૈસા ન હોય જેથી તમારી વાછરડી હું જ તમારા ફળીયામાંથી ચોરી કરી લઇ ગયેલ હતો અને મેં તેને હલાલ કરી અને જાનૈયાઓને ખવડાવવા માટે અકની બનાવી દીધેલ છે અને જાનૈયાઓને ખવડાવી દિધેલ છે. જેથી તમો ફરીયાદ કરતા નહીં અને મારી સાથે સમાધાન કરી લ્યો તેમ વાત કરેલ પરંતુ અમારે તેની સમાધાન કરવુ ન હોય અને તેના વિરૂધ્ધ ફરીયાદ લખાવવી હોય જેથી હુ તથા મારો દિકરો ફારૂક અહી પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા આવેલ છીએ અને હાલમાં આ વાછરડીના અવશેષો વોરાના કબ્રસ્તાન પાસે બુગદા પડેલ છે અને ત્યાં અમારા સંબંધીને રાખેલ હોય તમો પોલીસે અમારી સાથે બુગદામાં આવતા અને જોઇ તપાસીને વેટરનરી ડોકટર શ્રી જે.એમ. હુંમર સાહેબને બોલાવીને તપાસ કરાવતા ગૌવંશ વાછરડીના જ અવશેષો હોવાનું જણાવેલ જેથી આ સલીમભાઇ કાદરભાઇ મકરાણીએ અમારી વાછરડી આશરે બે વર્ષની ચોરી છુપીથી અમારા ઘરના ફળીયામાંથી ચોરી કરી લઇ જઇ તેના ઘરે લગ્ન પ્રસંગ હોય જેથી હલાલ કરી અકની બનાવી જાનૈયાઓને ખવડાવી દઇ ધાર્મિક લાગણી દુભાય તેવું કૃત્ય કરેલ હોય તો તેની સામે ધોરણસર થવા મારી ફરીયાદ છે" આમ, ઉપરોકત બનાવ અંગે ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ ધોરણસર થવા હાલની ફરીયાદ નોંધાવેલ છે.

(૨) ઉપરોક્ત બનાવની ફરીયાદ તા.૩૦–૦૧–૨૦૧૯ ના રોજ ધોરાજી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૯/૨૦૧૯ થી દાખલ કરવામાં આવેલ જે પરત્વે તપાસના અંતે પોલીસ દ્વારા આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯, ૪૨૯, ૨૯૫(ક), ૨૦૧ તથા ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ ૫, ૬ તથા ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૧ ની કલમ–૬ખ(૧) તથા ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ ૮ (૨) મુજબના શિક્ષાનેપાત્ર ગુનાઓનુ ચાર્જશીટ ધોરાજીના એડી. ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ. જે કેસ ફો.કે. નં.૩૩૩/૨૦૧૯ થી નોંધવામાં આવેલ. પરંતુ સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની

WWW.LIVELAW.IN



હકુમત સેશન્સ કોર્ટને હોય, વિદ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ ફો.કે.નં.૩૩૩/૨૦૧૯ નું સમગ્ર રેકર્ડ અને પ્રોસેડીંગ્સ અત્રેની અદાલત તરફ મોકલી આપેલ. જે કેસ કમીટ થઈને અત્રેની કોર્ટમાં આવતા સેશન્સ કેસ નં.૧૩/૨૦૧૯ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે અને કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે આંક–૬ થી આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯, ૪૨૯, ૨૯૫(ક), ૨૦૧ તથા ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ ૫, ૬ તથા ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૧ ની કલમ–૬ખ(૧) તથા ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ ૮(૨) મુજબની શિક્ષાનેપાત્ર ગુનાઓનું તહોમતનામુ ઘડેલ છે જે પરત્વે આરોપીનું ગુના પરત્વેનું નિવેદન નોંધેલ છે જેમાં આરોપીને ગુનો કબૂલ નથી અને કેસ આગળ ચલાવવાનું જણાવેલ છે તેમજ આરોપીએ સ્વખર્ચે વકીલ રોકેલ છે.

(૪) ફરીયાદ પક્ષે કેસની ઈન્સાફી કાર્યવાહી દરમિયાન તેમના કેસના સમર્થનમાં નીચે પ્રમાણેના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવા:</u>–

| અ.નં. | આંક | સોગંદ ઉપર જુબાની આપનાર સાહેદનું નામ અને વિગત |
|---|---|---|
| ૧. | ૧૦ | ફરીયાદી– સતારભાઈ આદમભાઈ કોલીયા |
| ૨. | ૧૨ | પંચ સાહેદ– મહમદ ઈકબાલભાઈ કોલીયા |
| ૩. | ૧૪ | પંચ સાહેદ– ઈમ્તીયાઝ યુસુફ માજોઠી |
| ૪. | ૧૫ | પંચ સાહેદ– નવાઝ હુશેન સંઘી |
| ૫. | ૧૭ | પંચ સાહેદ– એજાજ ઈકબાલભાઈ સિપાઈ |
| ૬. | ૧૮ | પંચ સાહેદ– ઈસ્માઈલભાઈ દાઉદભાઈ કારવા |
| ૭. | ૨૨ | પંચ સાહેદ– મુનાફભાઈ કરીમભાઈ ખલીફા |
| ૮. | ૨૩ | સાહેદ– ફારૂકભાઈ સતારભાઈ કોલીયા |
| ૯. | ૨૪ | સાહેદ– હનીફભાઈ ઓસમાણ માજોઠી |
| ૧૦. | ૨૫ | સાહેદ– સકીલભાઈ નીઝામભાઈ પુપર |

WWW.LIVELAW.IN



| | | |
|---|---|---|
| ૧૧. | ૩૦ | વેટરનરી ડો. જયંતીભાઈ મોહનભાઈ હુંમર |
| ૧૨. | ૩૨ | સાયન્ટીફીક ઓફીસર– પ્રફુલ્લાબેન પ્રફુલ્લચંદ્ર મકવાણા |
| ૧૩. | ૩૪ | પી.એસ.ઓ. –સુરેશભાઈ પોપટભાઈ કોટડીયા |
| ૧૪. | ૩૭ | પી.એસ.આઈ./તપાસ કરનાર– જયસુખભાઈ બીજલભાઈ મીઠાપરા |

દસ્તાવેજી પુરાવાઃ–

આંક–૯ થી અટક પંચનામું

આંક–૧૧ થી અસલ ફરીયાદ

આંક–૧૩ થી બનાવવાળી સ્થાનિક જગ્યાનુ પંચનામુ

આંક–૧૬ થી રીકવરી પંચનામુ

આંક–૧૯ થી ડીસ્કવરી પંચનામુ

આંક–૩૧ થી વેટરનરી ડોકટરે ગૌવંશના નમુના હોવા અંગે પોલીસને આપેલ પ્રમાણપત્ર

આંક–૩૩ થી ગૌમાંસ અંગે ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ, રાજકોટનો અહેવાલ

આંક–૩૫ થી ગુનો રજીસ્ટર કરવાની યાદી

આંક–૩૬ થી સ્ટેશન ડાયરીનો ઉતારો

આંક–૩૭ થી તપાસ સોંપ્યાની યાદી

(૫) સદર કામે આરોપીનું ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં ફરીયાદ પક્ષના પુરાવાને નકારી કાઢેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓએ આવો કોઈ ગુનો કરેલ ન હોય ખોટી રીતે સંડોવી દીધેલ છે અને તેઓ નિર્દોષ છે.

(૬) આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ.એડી.પીપી.શ્રી કે.એમ.પારેખ તથા આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી બી.એ.જુણેજાની રજુઆતો સાંભળી તેમજ આરોપી પક્ષે રજુ કરેલ લખિત દલીલો તથા ઓથોરીટીઓ વંચાણે લીધી.

(૭) આ કામે બંને પક્ષોની રજુઆતો તેમજ રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને લક્ષમાં લેતા સદરંહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

WWW.LIVELAW.IN



૧. શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૯–૦૧–૨૦૧૯ ના રોજ આશરે રાત્રિના ૯.૩૦ થી ૧૦.૦૦ વાગ્યાની આસપાસ ફરીયાદીના ઘરના ફળિયામાંથી ગાયની વાછરડી આશરે બે વર્ષની આરોપીએ ચોરી કરીને લઈ જઈ, વાછરડીની કતલ કરી તે રીતે બગાડ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯ તથા ૪૨૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે?

૨. શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગૌવંશની કતલ કરી જાણીબૂજીને તથા દ્વેષપૂર્વક ધાર્મિક લાગણી દુભાય તેવું કૃત્ય કરી, વાછરડીના અવશેષો વોરાના કબ્રસ્તાન સામે બુગદામાં નાંખી દઈ પુરાવાનો નાશ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ ૨૯૫(ક), ૨૦૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે?

૩. શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પશુઓના વધ માટે નિર્દિષ્ટ નહી કરેલા સ્થળે ગૌવંશની હત્યા કરી ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ ૬ નુ ઉલ્લંઘન કરી, ગુજરાત પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૧ ની કલમ–૮(૩) મુજબની શિક્ષાને પાત્ર ગુનો આચરેલ છે?

૪. શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગૌમાંસની બનાવટોનું વેચાણ અથવા ખરીદી કરી, ગુજરાત પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૧ ની કલમ–૬ખ(૧) નુ ઉલ્લંઘન કરી, ગુજરાત પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ–૮(૪) મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે?

૫. શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદીની વાછરડીની કતલ કરી તેની અકની બનાવી, પોતાના ઘરે લગ્ન પ્રસંગ હોય જાનૈયાઓને અકની ખવડાવી દઈ તે રીતે ગૌવંશની

WWW.LIVELAW.IN



કતલ કરી, ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ–૫(૧–ક) નુ ઉલ્લંઘન કરી, ગુજરાત પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ–૮(૨) મુજબની શિક્ષાનેપાત્ર ગુનો આચરેલ છે?

૬. શું હુકમ ?

(૮) ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧– હકારમાં.
મુદ્દા નં.૨– નકારમાં.
મુદ્દા નં.૩– નકારમાં.
મુદ્દા નં.૪– નકારમાં.
મુદ્દા નં.૫– હકારમાં.
મુદ્દા નં.૬– આખરી હુકમ મુજબ.

કા ર ણો

મુદ્દા નં.૧ થી ૫

(૯) આ મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોઈ પુનરાવર્તન ટાળવા સારૂ સરળતા ખાતર તેની ચર્ચા અત્રે એકી સાથે કરવામાં આવેલ છે.

(૧૦) વિદ્ધાન સરકારી વકીલશ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, આ કામમાં ફરીયાદ પક્ષના આક્ષેપ પ્રમાણે આરોપીએ પોતાની દીકરીના લગ્ન સમયે જાનૈયાઓને અકની (બિરીયાની) ખવડાવવા માટે ફરીયાદીની આશરે બે વરસની વાછરડીની ચોરી કરી તેની કતલ કરી તેમાંથી બિરીયાની બનાવી જાનૈયાઓને ખવડાવી દીધેલ છે અને વાછરડીના અવશેષો વોરાના કબ્રસ્તાન સામે બુગદામાં નાંખી દીધેલ છે. આમ, ગૌવંશની કતલ કરી ધાર્મિક લાગણી દુભાય તેવું કૃત્ય કરેલ છે. ફરીયાદ પક્ષ દ્ધારા આરોપી વિરૂદ્ઘનો આ ગુનો સાબિત કરવા માટે આંક ૧૦ થી ફરીયાદી સતારભાઈ આદમભાઈ કોલીયાને તપાસેલ છે. આ ફરીયાદીએ સ્પષ્ટપણે તેમની જુબાનીમાં એવું જણાવેલ છે કે, તેમની પાસે બે વર્ષ અને ચાર મહીનાની ગાયની વાછરડી હતી અમે તે રાતના સાડા નવના અરસામાં તેઓ જમીને ઉભા થયા બાદ ફળીયામાં આવતાં વાછરડી નહતી અને શોધખોળ કરવા છતાં મળી આવેલ નહી અને બીજા દિવસે તેમને માહિતી મળેલી કે, તેમની વાછરડીના અવશેષો વોરાના

WWW.LIVELAW.IN



કબ્રસ્તાન પાસે બુગદામાં પડેલ છે અને ત્યાં જઈને તપાસ કરતા તેમની વાછરડીનુ માથુ કપાયેલ હાલતમાં અને બે પગ અને પુછડી મળી આવેલ અને આરોપી સલીમભાઈના ઘરે તેની દીકરીના લગ્ન હતા તેથી તેની ઉપર શંકા જતા તેને પુછેલુ પરંતુ તેણે ના પાડેલી ત્યારબાદ તેમણે પોલીસને જાણ કરેલી અને પોલીસ સલીમભાઈના ઘરે ગયેલી અને ત્યાંથી બિરીયાનીના નમુના લીધેલા અને સલીમભાઈ આવીને તેને એવું કહેલ કે, મારી ભુલ થઈ ગયેલ છે. આ ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રીએ લંબાણપુર્વક ઉલટ તપાસ કરેલ છે તેમાં સ્પષ્ટપણે અવશેષો વાછરડીના હોવાનું કબુલ રાખેલ છે. આ ઉપરાંત તેમણે કોઈપણ જગ્યાએ તેમના ઘરે તેની દીકરીના લગ્ન હોવાનું કે તેમણે વાછરડીની કતલ કરી બિરીયાની બનાવેલ હોવાની હકીકતનો ઈનકારીયનો કેસ કરી પડકારેલ નથી. આમ, આ સાહેદની ઉલટ તપાસમાં આરોપીને કોઈજ મહત્વની હકીકત મળી આવેલ નથી. આ ઉપરાંત પંચ સાહેદોએ ફરીયાદ પક્ષને સમર્થન આપેલ નથી પરંતુ ફકત પંચ સાહેદોએ ફરીયાદ પક્ષને સમર્થન આપેલ ન હોવાના કારણ માત્રથી ફરીયાદ પક્ષનો કેસ કાઢી નાંખી શકાય નહી. આ ઉપરાંત ફરીયાદ પક્ષ દ્વારા આંક ૨૩ થી ફરીયાદીના પુત્ર ફારૂકભાઈ સતારભાઈને તપાસેલ છે તેમણે પણ ફરીયાદી એટલે કે તેમના પિતાની ફરીયાદ હકીકતને સમર્થન આપેલ છે અને તેની ઉલટ તપાસમાં પણ ઉપર જણાવ્ય પ્રમાણેની કોઈ જ હકીકત આરોપી પક્ષે પડકારેલ નથી. જો કે સામાન્ય વિરોધાભાસ લાવવાનો પ્રયત્ન કરેલ છે પરંતુ તે ફરીયાદ પક્ષના કેસને અસર કરે તેમ નથી. તે જ રીતે આંક ૨૪ થી સાહેદ હનીફભાઈ ઓસમાણભાઈ માજોઠીને તપાસેલ છે તેમણે ફરીયાદ પક્ષને સમર્થનકારક જુબાની આપેલ નથી પરંતુ તેમની જુબાનીથી ફરીયાદીના ઘરે વાછરડી હોવાનું અને તે વાછરડીના અવશેષો વોરાના કબ્રસ્તાન પાસે બુગદામાં પડેલા હતા તેવું સ્પષ્ટપણે જણાવેલ છે. આ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરેલ નથી પરંતુ આ સાહેદની જુબાનીથી એ હકીકત સાબિત થાય છે કે, ફરીયાદી પાસે વાછરડી હતી અને તેની વાછરડીના અવશેષો વોરાના કબ્રસ્તાન પાસે બુગદામાં પડેલ હતા કારણકે આ સાહેદની આ હકીકતને આરોપીના વિ.વ.શ્રીએ ઉલટ તપાસમાં પડકારેલ નથી. આ ઉપરાંત આ બુગદામાંથી મળેલ અવશેષો વાછરડીના એટલે કે ગૌવંશના જ હોવાનું

WWW.LIVELAW.IN



સાબિત કરવા માટે ગૌવંશના અવશેષોનુ પરિક્ષણ કરનાર વેટરનરી ડો. જયંતીભાઈ મોહનભાઈ ઠુંમરને આંક ૩૦ થી તપાસેલ છે. તેમણે પણ આ અવશેષો ગૌવંશના હોવાનું જણાવેલ છે. આ સાહેદની ઉલટ તપાસમાં પણ આરોપી દ્વારા આ અવશેષો ગૌવંશના હોવાનું કબુલ કરેલ છે અને ફકત કેવી રીતે વાછરડીની હત્યા થઈ તે આ ડોકટર કહી ન શકે કે તેનુ તેમણે પરિક્ષણ કરેલ નથી તેવો કેસ રજુ કરવાનો પ્રયત્ન કરેલ છે. પરંતુ તેનાથી ફરીયાદ પક્ષના કોઈ અસર થતી નથી અને આ ડોકટરની જુબાની દ્વારા આ અવશેષો ગૌવંશના હોવાનું સાબિત થાય છે. આ ઉપરાંત આ અવશેષો ગૌવંશના જ હોવાનું વધુ સારી રીતે સાબિત કરવા માટે એફ.એસ.એલ.ના સાયન્ટીફીક ઓફીસર પ્રફુલ્લાબેન પ્રફુલ્લાચંદ્ર મકવાણાને તપાસ કરનાર અમલદારે પોલીસ સ્ટેશનમાં બોલાવી અને વાછરડીના અવશેષોનુ નિરીક્ષણ કરેલ તેમને આંક ૩૨ થી તપાસેલ છે. તેમણે પણ એવું જણાવેલ છે કે, સદર નમુનાઓનુ નિરીક્ષણ કરીને સદર નમુના ઉપર માંસ જોવા મળેલ હતુ કે તે માંસ લાલાશ પડતાં કલરનુ હતુ જે માંસમાંથી રૂધિરનુ મુળ નકકી કરવા માટે પરીક્ષણ કાર્ય કરેલ. ત્યારબાદ શકદારના ઘરેથી બિરીયાની રાંધવાના બે વાસણમાંથી આશરે ૫૦૦ ગ્રામ બિરીયાની લીધેલ જે પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવેલ હતી જે બિરીયાનીનું નીરીક્ષણ કરતાં તેમાં માસના નાના ટુકડાઓ જોવા મળેલાનું જણાવેલ છે. તેમણે એવું પણ જણાવેલ છે કે, અવશેષો ગૌવંશના માંસ તરીકે ઓળખાયેલ હતા જયારે બિરીયાનીમાંથી મળેલ માંસ (રાંધેલ) રંધાય ગયેલ હોવાથી રૂધિરમાંના એન્ટીજન નાશ પામેલહોવાથી તેનુ રૂધિરનુ મુળ નકકી થઈ શકેલ નહી. આ સાહેદની આરોપી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ જોતાં તેમણે અવશેષોનુ પરીક્ષણ કર્યાનું કબુલ કરેલ છે. આ ઉપરાંત મહત્વની હકીકત એ છે કે, જયારે આરોપી દ્વારા તેના ઘરે તેની દીકરીના લગ્ન હોવાની હકીકત તથા તેના ઘરેથી બિરીયાની કબજે કર્યાની હકીકત પડકારેલને પડકારેલ ન હોય અને આ બિરીયાની તેમના ઘરેથી જ પોલીસે કબજે કર્યાનુ સાહેદો જણાવતા હોય તો તે સંજોગોમાં આરોપીની ઉપર પણ એવી જવાબદારી થાય છે કે તેણે બતાવવું પડે કે આ જે બિરીયાની તેમના ઘરેથી મળી આવેલી તેમાંનુ માંસ આ વાછરડીની કતલ કરીને નહી પરંતુ બીજા કોઈ પશુ કે જે પ્રતિબંધિત

WWW.LIVELAW.IN



નથી તેની કતલ કરીને અથવા તો તેનું માંસ વેચાતુ લઈને તેણે બિરીયાની કરેલી. આથી જયાં સુધી આ હકીકત આરોપી દ્વારા રેકર્ડ ઉપર ન લાવે ત્યાં સુધી તેની વિરૂઘ્ધનુ અનુમાન થઈ શકે. આ ઉપરાંત સ્વાભાવિક રીતે ચોરીના કેસમાં કોઈ સીધો પુરાવો મળી શકે નહી આથી સાંયોગિક પુરાવાઓને આધારે જ ફરીયાદ પક્ષ તેમનો કેસ સાબિત કરી શકે આવા તમામ સાંયોગિક પુરાવા ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરેલ છે તે જોતાં આરોપીના ઘરેથી જે બિરીયાની કબજે કરેલી તે ગૌવંશના માંસની જ હોવાનું ફરીયાદ પક્ષ નિઃશંકપણે સાબિત કરી શકેલ છે. આ ઉપરાંત ફરીયાદ પક્ષ દ્વારા ફરીયાદ મુજબનો ગુનો દાખલ કરનાર પી.એસ.ઓ. સુરેશભાઈ પોપટભાઈ કોટડીયાને આંક ૩૪ થી અને તપાસ કરનાર અમલદારશ્રી મીઠાપરાને આંક ૩૭ થી તપાસેલ છે. તેમણે જે કાર્યવાહી કરેલ છે તે સ્પષ્ટપણે જણાવેલ છે. આમ સમગ્ર પુરાવો જોવામાં આવે તો ફરીયાદ પક્ષ આરોપી વિરૂઘ્ધનો ગુનો નિઃશંકપણે પુરવાર કરી શકેલ હોય અને સરકારશ્રીએ ગૌવંશની હત્યા રોકવા માટે જે કડક કાયદો બનાવેલ છે અને તેનો જે ઉદ્દેશ છે તે જોતાં આવા આરોપીને કોઈપણ સંજોગોમાં સામાન્ય વિરોધાભાસને ઘ્યાને લઈને છોડી મુકી શકાય નહી. આ ઉપરાંત તપાસ કરનાર અમલદારે તપાસમાં કોઈ સામાન્ય ભુલ કરેલ હોય તો પણ તેનો લાભ આરોપીને મળી શકે નહી. આમ, તમામ હકીકતો જોતાં ફરીયાદ પક્ષ આરોપી વિરૂઘ્ધનો ગુનો નિઃશંકપણે પુરવાર કરી શકેલ હોય, આરોપીને તકસીરવાન ઠરાવી કડક સજા કરવા અરજ ગુજારેલ છે.

(૧૧) જયારે આરોપી તરફે વિદ્વાન વકીલશ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, ફરીયાદ પક્ષના પુરાવામાં મહત્વની વિરોધાભાસ અને ખુબજ શંકા ઉપસ્થિત થાય છે. તેમણે એવું પણ જણાવેલ છે કે, ફરીયાદ બપોરના ૧.૩૦ વાગે આપ્યાનું ફરીયાદી જણાવે છે જયારે ફરીયાદ પોલીસ સ્ટેશનમાં બપોરના ૪.૩૦ વાગે આપેલ છે. આ ઉપરાંત ફરીયાદ સાંજના ૪.૩૦ વાગે નોંધવામાં આવેલ હોવાછતાં જે સ્થાનિક જગ્યાનું પંચનામુ કરેલ છે તે બપોરના ૧૫.૦૦ કલાકે ચાલુ કરીને સાંજના ૧૬.૦૦ કલાકે પુરૂ કરેલ છે. આથી ફરીયાદ દાખલ કર્યા પહેલા સ્વાભાવિક રીતે પંચનામું થઈ શકે નહી અને તેથી આ પંચનામું જે ફરીયાદ કરતા પહેલા કરવામાં આવેલ છે તે હકીકત જ એવું બતાવે છે કે ફરીયાદ પક્ષ કાંઈક છુપાવવા માગે

WWW.LIVELAW.IN


છે અને આરોપીને ખોટી રીતે આ ગુનામાં સંડોવી દેવા માગે છે. આ ઉપરાંત વાછરડી જે જગ્યાએ બાંધવામાં આવતી હતી તે જગ્યાનું પંચનામું કરેલ નથી તે જ રીતે જે જગ્યાએ વાછરડીની કતલ કરેલ તે જગ્યાનું પંચનામું પણ પોલીસે કરેલ નથી. આ ઉપરાંત તેમણે સાહેદને એવો પ્રશ્ન પુછેલ છે કે, આરોપીના ઘરે દીકરીના લગ્ન હોવાના કોઈ પુરાવા રજુ કરેલ છે કે કેમ? તો તેણે ના પાડેલ છે. આ ઉપરાંત સાહેદો પણ એકબીજાથી વિરોધાભાસી હકીકતો જણાવે છે. આ ઉપરાંત જે જગ્યાએથી વાછરડીના અવશેષો મળી આવેલ છે તે જગ્યાએ કુતરાએ તેને ફાડી ખાધેલ છે. આ ઉપરાંત એફ. એસ.એલ.ના અધિકારી દ્વારા જે બિરીયાનીના માંસનુ પરીક્ષણ કરેલ છે તેમાં પણ આ માંસ ગૌવંશનું હોવાનું સાબિત થતુ નથી. આ ઉપરાંત વેટરનરી ડોકટરની જુબાનીથી પણ ગાયની વાછરડીની ખરેખર કતલ કરવામાં આવેલ કે કેમ? તે હકીકત સાબિત થતી નથી. આ ઉપરાંત મુદામાલ હથિયારો એટલે કે છરા વડે જે વાછરડીની કતલ કર્યાનો ફરીયાદ પક્ષનો કેસ છે તે હથિયારો પણ એફ.એસ.એલ.માં તપાસ કરનાર અમલદારે મોકલેલ નથી. આ ઉપરાંત તમામ પંચ સાહેદોએ પણ ફરીયાદ પક્ષને સમર્થનકારક જુબાની આપેલ નથી અને બનાવવાળી જગ્યાની આજુબાજુના તટસ્થ સાહેદોને તપાસેલ નથી કે તપાસ કરનાર અમલદારે કોઈ નિવેદનો પણ લીધેલ નથી. આમ જયારે ફરીયાદ પક્ષ એ હકીકત જ સાબિત કરી શકતા ન હોય ફરીયાદીના ઘરે વાછરડી હતી અને એવું પણ સાબિત કરી શકતા ન હોય કે આ વાછરડીની કતલ કરવામાં આવેલી અને એવું પણ સાબિત કરી શકતા ન હોય કે સદર બિરીયાનીમાંથી જે માંસ મળી આવેલ છે તે ગૌવંશનું જ માંસ હતુ તો તે સંજોગોમાં ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધના ગુનાઓ નિઃશંકપણે સાબિત કરી શકતા ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૧૨) આ કામમાં સૌપ્રથમ મહત્વની હકીકત એ છે કે, ફરીયાદ પક્ષના કેસ પ્રમાણે આરોપીના ઘરે તેની દીકરીનો લગ્ન પ્રસંગ હોય અને તેની પાસે પૈસા ન હોય ફરીયાદીના ઘરમાં જે બે વરસની વાછરડી હતી તેની ચોરી કરી તેના માંસમાંથી બિરીયાની બનાવી જાનૈયાઓને ખવડાવી દીધેલી. આ હકીકત સાબિત કરવા માટે ફરીયાદ પક્ષ દ્વારા

WWW.LIVELAW.IN



આંક ૧૦ થી ફરીયાદી સતારભાઈ આદમભાઈ કોલીયાને તપાસેલ છે. તેમણે તેમની જુબાનીમાં સ્પષ્ટપણે એવું જણાવેલ છે કે, જાન્યુઆરી મહીનાના ૨૮ મી તારીખે ૨૦૧૯ના રોજ મારી પાસે બે વર્ષ અને ચાર મહીનાની ગાયની વાછરડી હતી ત્યારે રાતના સાડા નવના અરસામાં અમે જમીને ઉભા થયા બાદ ફળીયામાં આવતાં ત્યા અમારી વાછરડી નહતી અને શોધખોળ કરવા છતાં મળી આવેલ નહી અને બાદ સવારે પણ ફરીથી વાછરડીની અમે શોધખોળ કરેલી તેમ છતાં મળી આવેલ નહી અને બુધવારના રોજ લાઈટ કાપના કારણે મારા છોકરાને રજા હતી તેમણે શોધખોળ કરેલી પણ મળી આવેલ નહી બાદ વોરાના કબ્રસ્તાનમાં બુગદા પાસે કુતરા હોજરી પીંખતા હતા તેથી અમને શંકા પડતા ત્યાં તપાસ કરતાં ત્યા બે પગ અને માથુ કપાયેલ હાલતમાં વાછરડીનું મળી આવેલ આથી અમે પોલીસમાં જાણ કરેલ અને આ અંગે મે પોલીસને બીજા દિવસે ફરીયાદ આપેલી. આ વાછરડીને નાનપણથી મે દિકરીની જેમ રાખેલી હતી તેને પગ અને માથાથી ઓળખી ગયેલો આરોપી સલીમભાઈના ઘરે તેની દિકરીના લગ્ન હતા આથી અમને શંકા જતાં તેને પુછતાં તેણે એવુ જણાવેલ કે મે આવુ કાંઈ કરેલ નથી બાદ અમે ફરીયાદ આપેલી. ફરીયાદ આપ્યા બાદ પી.એસ.આઈ. મીઠાપરા સાહેબ જયાં વાછરડીના પગ, માથુ, પુછડુ, ચામડુ વિગેરે પડેલ હતુ ત્યા અમારી સાથે આવેલા. અમને તેમણે પુછેલુ કે તમને કોની ઉપર શંકા છે તો મે જણાવેલ કે સલીમભાઈના ઘરે તેની દિકરીના લગ્ન હોય તેના ઉપર શંકા છે બાદ સલીમભાઈના ઘરે તપાસ કરવા ગયેલા તો ત્યાં જઈને પોલીસે સલીમભાઈએ જયા બિરીયાની બનાવેલી તેનો નમુનો લીધેલો અને ત્યારબાદ સલીમભાઈ આવેલા અને મને એવુ કહેલ કે મારી ભુલ થઈ ગયેલ છે મને માફ કરો મારાથી વાછરડી કપાય ગયેલ છે તો મે જણાવેલ કે તમને પહેલા પુછેલુ તો શા માટે ના પાડેલી હવે ફરીયાદ થઈ ગયેલ છે. મીઠાપરા આરોપીના ઘરે હતા અને હું મારા ઘરે હતો ત્યારે આરોપી મારી પાસે આવેલા અને ઉપર મુજબ જણાવેલુ તેથી મે મીઠાપરા સાહેબને જણાવેલ કે સલીમભાઈ આવુ કબુલ કરેલ છે તો તેમને લઈ જાવ. સલીમભાઈએ એવું પણ જણાવેલ કે મારા ઘરે છોકરીનો પ્રસંગ હોય અને શાક બનાવવના પૈસા નહોય તમારી વાછરડી ચોરી લઈ જઈ તેને કાપી નાંખી બિરીયાની

WWW.LIVELAW.IN



બનાવેલ છે આથી મેં તેમને કહેલ કે પૈસા નહતા તો મને કહેવું હતુને તો હું તમને મદદ કરત પરંતુ મેં મારી દિકરીની જેમ રાખેલી વાછરડીને શા માટે કાપી નાંખેલ.

(૧૩) આમ ફરીયાદીએ સ્પષ્ટપણે એવું જણાવેલ છે કે, આરોપી સલીમભાઈના ઘરે તેમની દીકરીના લગ્ન હોય તેમના ઉપર શંકા ગયેલી અને પોલીસ સલીમભાઈના ઘરે તપાસ કરવા ગયેલી તો ત્યાં જઈને પોલીસે સલીમભાઈએ જયાં બિરીયાની બનાવેલી તેનો નમુનો લીધેલો અને સલીમભાઈએ પણ એવું જણાવેલું કે, મારા ઘરે છોકરીનો પ્રસંગ હોય અને શાક બનાવવાના પૈસા નહોતા તમારી વાછરડી ચોરી લઈ જઈ તેને કાપી નાંખી બિરીયાની બનાવેલ છે. આરોપીના વિ.વ.શ્રીએ આ સાહેદની લંબાણપુર્વક ઉલટ તપાસ કરેલ છે. તે ઉલટ તપાસમાં તેમણે એવું લાવવાનો પ્રયત્ન કરેલ છે કે, આ વાછરડી તેમણે નાનપણથી પાળેલ હોય તેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી અને ફરીયાદમાં પણ આ વાછરડી કેવા કલરની હતી તેવું પણ જણાવેલ નથી અને કોઈપણ પશુ રાખવુ હોય તો તેની નગરપાલિકામાં નોંધ કરાવવી પડે. પરંતુ સમગ્ર ઉલટ તપાસમાં તેમણે એ હકીકતને સ્પષ્ટપણે પડકારેલ નથી કે ફરીયાદી તેના ઘરે ગાયની વાછરડી રાખતા હતા. જયારે ઉલટ તપાસમાં તો તેમણે એવો પ્રશ્ન કરેલ છે કે, આ વાછરડી કોણ લઈ ગયુ, કોણે કાપી તેની તેમને માહીતી નથી. આ ઉપરાંત તેમણે એવું પણ સુચન કરેલ છે કે, પોલીસે ફરીયાદી જે જગ્યાએ વાછરડી બાંધતા તેનુ પંચનામુ કરેલ નથી તેમજ પોલીસ ફરીયાદીના ઘરેથી વાછરડી જે જગ્યાએ બાંધતા ત્યાંથી તેના મળ–મુત્રના કોઈ નમુના લઈ ગયેલ નથી. પરંતુ જયારે ફરીયાદીનો એવો સ્પષ્ટપણે કેસ હોય કે તેઓ ઘરે વાછરડી રાખતા હતા તો આરોપીએ ચોકકસપણે એવો કેસ રજુ કરવો પડે કે આ હકીકતને પડકારવી પડે કે ફરીયાદીના ઘરે કોઈ ગાયની વાછરડી હતી જ નહી, જે તેમણે ઈનકાર કરેલ નથી કે પડકારેલ નથી. આ જ હકીકતની અનુસંધાને ફરીયાદીના પુત્ર ફારૂકભાઈ સતારભાઈને આંક ૨૩ થી તપાસેલ છે. તેમણે પણ આ જ હકીકત જણાવેલ છે. તેમની ઉલટ તપાસમાં પણ એવી કોઈ જ હકીકત પડકારેલ નથી કે ફરીયાદીના ઘરે વાછરડી હતી જ નહી. આ બધા કરતાય મહત્વના સાહેદ એવા હનીફભાઈ ઓસમાણભાઈને આંક ૨૪ થી તપાસેલ છે. તેમણે મહદઅંશે ફરીયાદ

WWW.LIVELAW.IN



પક્ષને સમર્થન મળે તેવી જુબાની આપેલ નથી. પરંતુ તેમની જુબાની જોતા તેમણે સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ કામના ફરીયાદી સતારભાઈ તેના કાકા થાય છે આશરે છ માસ પહેલા જાન્યુઆરીની ૩૦ તારીખે તેના ઘરે સુતા હતા ત્યારે દેકારો થયેલો કે વાછરડી ખોવાઈ ગયેલી છે આથી તે કાકાના ફળિયામાં ગયેલ. ત્યારબાદ વાછરડીને શોધવા ગયેલ અને વાછરડીના અવશેષો વોરાના કબ્રસ્તાન પાસે બુગદા પાસે પડેલ હતા. આરોપી તરફે આ સાહેદની ઉલટ તપાસ કરેલ નથી. આથી આ સાહેદે તેની સરતપાસમાં જે હકીકત જણાવેલ છે તે હકીકત તેમને કબુલ હોવાનું કહી શકાય. આથી જયારે આ સાહેદે જે હકીકત જણાવેલ છે કે, તેના કાકાના ઘરે વાછરડી ખોવાઈ ગયાવો દેકારો થયેલો અને ત્યારબાદ તે વાછરડી શોધવા ગયેલા તો તે સંજોગોમાં ફરીયાદી ગાયની વાછરડી રાખતા હોવાનું નિઃશંકપણે સાબિત થાય છે. આરોપીના વિ.વ.શ્રીને પણ અત્રેની અદાલતે ફરીયાદીના ઘરે ગાયની વાછરડી હોવાની હકીકતને તેમણે સ્પષ્ટપણે પડકારેલ છે કેમ? તેવો પ્રશ્ન પુછતા તેના જવાબમાં તેમણે કબુલ કરેલ છે કે, તેમણે એ હકીકત સ્પષ્ટપણે પડકારેલ નથી અને ઉપર જણાવ્યા પ્રમાણે આ તમામ સાહેદોની જે ઉલટ તપાસ કરેલ છે તેમાં પણ સ્પષ્ટપણે ફરીયાદીના ઘરે ગાયની વાછરડી રાખતા હોવાનું આ્ડકતરી રીતે કબુલ રાખેલ છે.

(૧૪) આ ઉપરાંત ઉપર જણાવ્યા પ્રમાણે ફરીયાદીએ એવું પણ જે જણાવેલ છે કે, આરોપીએ તેની પાસે આવી માફી માગેલી કે, તેના ઘરે છોકરીનો પ્રસંગ હોય અને શાક બનાવવના પૈસા ન હોય તમારી વાછરડી ચોરી લઈ જઈ તેને કાપી નાંખી બિરીયાની બનાવેલ છે. પરંતુ આ હકીકતને પણ આરોપીના વિ.વ.શ્રીએ સહેજ પણ પડકારેલ નથી. આથી ફરીયાદીએ સરતપાસમાં જણાવેલી આ હકીકત આપોઆપ સાબિત થાય છે અને તેથી આરોપીએ કબુલ રાખેલ હોવાનું માની શકાય કે તેમણે ફરીયાદીના ઘરે જઈ ઉપરોકત હકીકત જણાવેલી. આથી ખરેખર તો આ કબુલાતના આધારે જ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ છે. આ ઉપરાંત મહત્વની હકીકત એ પણ છે કે, આરોપીના વિ.વ.શ્રીએ ઉલટ તપાસમાં એવું સુચન કરેલ છે કે, ફરીયાદીએ સલીમભાઈનુ નામ શંકાના આધારે આપેલુ જો કે ફરીયાદીએ આ હકીકત કબુલ રાખેલ છે. પરંતુ ફરીયાદીએ તુરતજ સ્વેચ્છાએ એવું જણાવેલ

WWW.LIVELAW.IN



છે કે, ત્યારબાદ સલીમભાઈએ મારી પાસે આવી ગુનો પણ કબુલ કરેલ. આ સ્વેચ્છાએ જે હકીકત જણાવેલ છે તે તેઓ ખોટુ કહેતા હોય તેની કોઈ જ ઉલટ તપાસ આરોપીના વિ.વ.શ્રીએ કરેલ નથી. આમ, ફરીયાદીની ફરીયાદ હકીકત અને અત્રેની અદાલત સમક્ષની જુબાની જોવામાં આવે તો સંપુર્ણપણે ફરીયાદ પક્ષને સમર્થનકારી જુબાની અને પુરાવો હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે.

(૧૫) આ ઉપરાંત સાહેદ ફારૂકભાઈ સતારભાઈની ઉલટ તપાસમાં આરોપીના વિ.વ.શ્રીએ એવો સુચક પ્રશ્ન પુછેલ છે કે, બનાવ સ્થળે એટલે કે વાછરડીના અવશેષો પડેલા હતા તે જગ્યાએ ગયેલા ત્યારે ત્યાં કોઈ ડોકટર હાજર ન હતા અને અવશેષો પાણીમાં પડેલા હોય તે ઓળખી શકાય તેવા ન હતા, તેનો આ સાહેદે સ્વિકાર કરેલ છે. પરંતુ સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેના પગ બહાર હતા તેનાથી અમો ઓળખી શકેલા. આ ઉપરાંત આ સાહેદને એવો પણ સુચક પ્રશ્ન પુછવામાં આવેલ છે કે, વાછરડીની કતલ કોણે કરેલી તેની મને જાત માહીતી નથી, તેનો આ સાહેદે સ્વિકાર કરેલ છે. એ સુચક પ્રશ્નનનો પણ સ્વિકાર કરેલ છે કે, સલીમભાઈનુ નામ માત્ર શંકાને આધારે આપેલ અને વાછરડીને ચોરી જતા મે તેમને જોયેલ નથી. આમ, આ જે સુચક પ્રશ્નો સાહેદને પુછેલ છે તે પ્રમાણે તેમણે આ વોરાના કબ્રસ્તાન પાસે આવેલ બુગદામાં વાછરડીના અવશેષો પડેલ હોવાનો સ્વિકાર કરેલ છે તેમજ આ વાછરડી સાહેદની અને તેમના પિતાની હોવાનો પણ સ્વિકાર કરેલ છે. આ ઉપરાંત આ સાહેદે સરતપાસમાં જે એવું પણ જણાવેલ છે કે, તેમના ઘરમાં એક ગાયની વાછરડી હતી. તા.૨૯/૦૧/૧૯ ના રોજ સાંજે જમવા બેઠા ત્યારે ઠંડીનો માહોલ હોય ઘરનુ બારણુ બંધ રાખેલ અને જમીને બહાર નીકળતા તેઓની વાછરડી હતી નહી રાત્રે તેઓએ તેને શોધવાનો પ્રયત્ન કરેલો. રાત્રીના ૧.૦૦ વાગ્યા સુધી તેને શોધવાનો પ્રયત્ન કરેલો પરંતુ મળેલ નહી. આ હકીકતનો પણ આરોપી હ્વારા કોઈ ઈન્કારીયતનો કેસ રજુ કરેલ નથી તેના આધારે પણ ફરીયાદી પાસે વાછરડી એટલે કે ગૌવંશ હોવાનું સાબિત થાય છે.

(૧૬) આ ઉપરાંત ફરીયાદ પક્ષ હ્વારા વોરાના કબ્રસ્તાન પાસેના બુગદામાં જે વાછરડીના અવશેષો જે માથુ, પુછડી અને પગ મળી આવેલા તે ગૌવંશના જ છે કે કેમ? તે

WWW.LIVELAW.IN



સાબિત કરવા માટે તપાસ કરનાર અમલદારે વેટરનરી ડોકટર જયંતીભાઈ મોહનભાઈ ઠુંમરને ધોરાજી પોલીસ સ્ટેશનમાં બોલાવી અભિપ્રાય મેળવેલો તેને આંક ૩૦ થી તપાસેલ છે. તેમણે પણ તેની સરતપાસમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, મારા અભિપ્રાય પ્રમાણે જે અવશેષો હતા તે લાલ કલરનુ નાના શીંગડાવાળી વાછરડી લાલ કલરની પુછડી અને બે મેટાકારપલ એટલે કે આગળના પગના હાડકા લાલ કલરની ચામડીના હતા તે ગૌવંશના હતા. આરોપીના વિ.વ.શ્રીએ આ સાહેદની પણ લંબાણપુર્વક ઉલટ તપાસ કરેલ છે તેમાં તેમણે આ અવશેષો ડોકટરને પોલીસ સ્ટેશનમાં બતાવેલ હોવાનો કેસ રજુ કરેલ છે. પરંતુ ફરીયાદી અને તેના પુત્રની ઉલટ તપાસમાં કોઈપણ જગ્યાએ આ અવશેષો તેમની વાછરડીના હોવા બાબતે કોઈ ઈનકારીયતનો કેસ રજુ કરેલ નથી અને જે કાંઈ ઉલટ તપાસ કરેલ છે તેમાં તેમણે આડકતરી રીતે આ અવશેષો ફરીયાદીની વાછરડીના હોવાનું કબુલ કરેલ છે. આ ઉપરાંત આ ડોકટરની જુબાનીમાં પણ આ અવશેષો ગૌવંશના હોવાનો ઈનકારીયતનો કેસ રજુ કરેલ નથી અને પડકારેલ પણ નથી. આમ આ હકીકત જોતા પણ આ સાહેદે જે એવો અભિપ્રાય આપેલ છે કે, આ અવશેષો ગૌવંશના હતા તેથી ફરીયાદ પક્ષ આ ડોકટરની જુબાનીથી પણ આ અવશેષો ગૌવંશના હોવાનું સાબિત કરી શકેલ છે.

(૧૭) આરોપી દ્વારા આ સાહેદની ઉલટ તપાસમાં એવો કેસ રજુ કરેલ છે કે, આ અવશેષોવાળી વાછરડીની હત્યા કેવી રીતે થયેલ તેનુ તેમણે પરીક્ષણ કરેલ નથી. આ અવશેષોવાળી વાછરડીની કોઈએ હત્યા કરેલ છે કે, હિંસક પશુએ ફાડી ખાધેલ છે કે કેમ તે તેઓ ચોકકસપણે કહી શકે નહી. આથી આ અવશેષો વાછરડીના હોવાનું આરોપીએ કબુલ રાખેલ હોવાનું જણાઈ આવે છે. આ ઉપરાંત વાછરડીને હિંસક પશુએ ફાડી ખાધેલ હોવાનો જે કેસ ડોકટરની જુબાનીમાં આરોપીએ રજુ કરેલ છે તેવો બચાવ ફરીયાદી કે તેમના પુત્ર કે અન્ય કોઈ સાહેદની જુબાનીમાં લેવાનો પ્રયત્ન કરેલ નથી. આથી આ ડોકટરની ઉલટ તપાસમાં જે બચાવ લીધેલ છે તે મહત્વના સાહેદોના બચાવ સાથે સુસંગત નથી. આમ આ વેટરનરી ડોકટરની જુબાનીથી પણ ફરીયાદ પક્ષને સમર્થન મળે છે.

(૧૮) આ ઉપરાંત મહત્વની હકીકત એ છે કે, ફરીયાદ પક્ષના કેસ પ્રમાણે

WWW.LIVELAW.IN



આરોપીના ઘરે તેમની દીકરીનો લગ્નનનો પ્રસંગ હોય અને આરોપી પાસે શાકના પૈસા ન હોય આરોપીએ ફરીયાદીની વાછરડીની ચોરી કરી તેની કતલ કરી તેના માંસમાંથી પકની (બિરીયાની) બનાવી જાનૈયાઓને ખવરાવેલ. તેથી ઉપર ચર્ચા કર્યા પ્રમાણે ફરીયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે સાબિત કરી શકેલ છે કે, આરોપીના ઘરે તેની દીકરીનો લગ્નનો પ્રસંગ હતો અને આરોપી ફરીયાદીની વાછરડી ચોરી ગયેલ અને આરોપીએ ફરીયાદી સમક્ષ આ હકીકતની કબુલાત પણ કરેલ છે. આમછતાં ફરીયાદીએ તેમની જુબાનીમાં એવું સ્પષ્ટપણે જણાવેલ છે કે, સલીમભાઈએ એવું પણ જણાવેલ કે મારા ઘરે છોકરીનો પ્રસંગ હોય અને શાક બનાવવના પૈસા ન હોય તમારી વાછરડી ચોરી લઈ જઈ તેને કાપી નાંખી બિરીયાની બનાવેલ છે. આ મહત્વની હકીકતનો આરોપીના વિ.વ.શ્રીએ ફરીયાદીની જુબાનીમાં ઈનકાર કરેલ નથી. આ ઉપરાંત ફરીયાદીએ એવું પણ જણાવેલ છે કે, પોલીસે સલીમભાઈએ જયાં બિરીયાની બનાવેલી તેનો નમુનો લીધેલો. આ હકીકતનો પણ આરોપીના વિ.વ.શ્રીએ ઈનકાર કરેલ નથી. આ ઉપરાંત ફરીયાદ પક્ષ દ્વારા આરોપીના ઘરેથી જે બિરીયાની મેળવેલી તે અને વોરાના કબ્રસ્તાન પાસે બુગદામાં જે વાછરડીના અવશેષો પડેલ હતા તેનુ પૃથ્થકરણ એફ.એસ.એલ.ના સાયન્ટીફીક ઓફીસર પાસે કરાવેલ તે પ્રફુલ્લાબેન પ્રફુલ્લચંદ્ર મકવાણાને આંક ૩૨ થી તપાસેલ છે. તેમણે પણ એવો અભિપ્રાય આપેલ છે કે, તેમને મળેલ નમુનામાં જડબુ (માથુ) પગની ખરી તથા ચામડી ઉપરનુ માંસ ગૌવંશના માંસ તરીકે ઓળખાયેલ હતુ. આરોપીના વિ.વ.શ્રીએ આ હકીકતનો પણ ઉલટ તપાસમાં ઈનકાર કરેલ નથી કે પડકારેલ નથી. આ ઉપરાંત આ સાહેદે એવું જણાવેલ છે કે, બિરીયાનીમાંથી મળેલ માંસ રંધાય ગયેલ હોવાથી રૂધિરમાંના એન્ટીજન નાશ પામેલ હોવાથી તેનુ રૂધિરનુ મુળ નકકી થઈ શકેલ નહી. આરોપીના વિ.વ.શ્રીએ આ સાહેદની ઉલટ તપાસ કરેલ છે તેમાં તેમણે એવો સુચક પ્રશ્ન પુછેલ છે કે, બિરીયાનીમાંથી જે માંસ મળી આવેલ તે કયા પશુનું હતું તે નકકી થઈ શકેલ નહી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, તે રંધાઈ ગયેલ હોય તે થઈ શકેલ નહી. આથી ઉલટ તપાસમાંથી એ હકીકત રેકર્ડ ઉપર આવે છે અને આરોપી દ્વારા પણ એ હકીકત કબુલ રાખેલ છે કે, આ સાહેદે જે પૃથ્થકરણ કરેલ તે બિરીયાની હતી અને તે બિરીયાનીના માંસનુ આ

WWW.LIVELAW.IN



સાહેદે પૃથ્થકરણ કરેલ છે. આ ઉપરાંત આ ઉલટ તપાસમાં એવું પણ પુછવામાં આવેલ છે કે, બિરીયાની પોલીસે કબજે કરેલ હતી તેથી આરોપીએ પણ આ સાહેદની ઉલટ તપાસમાં બિરીયાની પોલીસે કબજે કરેલ હોવાનો સ્વિકાર કરેલ છે. આમ આ સાહેદે વોરાના કબ્રસ્તાન પાસેથી મળી આવેલ અવશેષો ગૌવંશના હોવાનું જણાવેલ છે અને બિરીયાનીનું પણ તેમણે પૃથ્થકરણ કરેલાનું જણાવેલ છે. આમ આ સાહેદથી પણ ફરીયાદ પક્ષને સમર્થન મળે છે.

(૧૯) આરોપીના વિ.વ.શ્રીએ એક એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદીના જણાવ્યા મુજબ ફરીયાદ બપોરના ૧.૩૦ કલાકે આપેલી જયારે ખરેખર ફરીયાદ એફ.આઈ.આર. મુજબ સાંજના ૪.૩૦ કલાકે આપવામાં આવેલ છે. પરંતુ ફરીયાદીની જુબાની જોવામાં આવે તો તેણે એવું જણાવેલ છે કે, ફરીયાદ લખાવવા બપોરના એક દોઢ વાગ્યે ગયેલા. આમ ફરીયાદ લખાવવા ગયેલ હોવાનું જણાવેલ છે પરંતુ સ્વાભાવિક છે કે, કોઈ વ્યકિત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લખાવવા જાય તો સીધેસીધી કોઈ ફરીયાદ દાખલ કરવામાં આવતી નથી. આ ઉપરાંત આ સમય પણ બપોરનો હોય કદાચ ઉચ્ચ અધિકારી હાજર ન હોય તેવું પણ બની શકે અને ગૌહત્યાના કેસનો આક્ષેપ હોય નાના કર્મચારી કદાચ ઉપલા અધિકારીની પરવાનગી સિવાય ફરીયાદ ન પણ લખે તેમછતાં આ સમયગાળામાં વધારે કલાકનો તફાવત ન હોય આ હકીકતથી ફરીયાદ પક્ષના કેસને કોઈ અસર થતી નથી.

(૨૦) આ ઉપરાંત આરોપી દ્વારા એવી પણ રજુઆત થયેલ છે કે, ફરીયાદ સાંજના ૪.૩૦ કલાકે આપવામાં આવેલ છે જયારે સ્થાનિક જગ્યાનું પંચનામું આંક ૧૩ વાળુ પંચનામું બપોરના ૧૫.૦૦ વાગે ચાલુ કરી સાંજના કલાક ૧૬.૦૦ સુધી ચાલેલ છે. આથી આ પંચનામું બનાવટી જણાઈ આવે છે. પરંતુ આંક ૧૩ વાળુ પંચનામું જોવામાં આવે તો તેના પંચ સાહેદોએ ફરીયાદ પક્ષને સમર્થન આપેલ નથી. જયારે આરોપી દ્વારા આ પંચનામા ઉપર આધાર રાખેલ હોય અને તેને રીફર કરીને રજુઆત કરેલ હોય તો તે પંચનામું વાંચી શકાય. આથી આ પંચનામું વાંચવામાં આવે તો તેમાં કોઈપણ જગ્યાએ આ પંચનામું કયા ગુના રજીસ્ટરના કેસ અન્વયે કરવામાં આવેલ છે તે લખેલ નથી. ફરીયાદીનો પણ એવો કેસ છે કે પહેલા પોલીસને તેમણે જાણ કરતા પોલીસ તેમની સાથે પાછી આવેલી અને એવું

WWW.LIVELAW.IN



સ્પષ્ટપણે જણાવેલ છે કે, અમને શંકા પડતા ત્યાં તપાસ કરતા ત્યાં બે પગ અને માથુ કપાયેલ હાલતમાં વાછરડીનુ મળી આવેલ આથી તેઓએ પોલીસમાં જાણ કરેલી અને ફરીયાદીએ પણ તેની ફરીયાદમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, "પરંતુ અમોએ ફરીયાદ લખાવવાનું કહેતા આ સલીમભાઇએ અમોને જણાવેલ કે અમારા ઘરે લગ્ન પ્રસંગ હોય અને મારી પાસે શાક બનાવવાના પૈસા ન હોય જેથી તમારી વાછરડી હું જ તમારા ફળીયામાંથી ચોરી કરી લઇ ગયેલ હતો અને મેં તેને હલાલ કરી અને જાનૈયાઓને ખવડાવવા માટે અકની બનાવી દીધેલ છે અને જાનૈયાઓને ખવડાવી દિધેલ છે. જેથી તમો ફરીયાદ કરતા નહીં અને મારી સાથે સમાધાન કરી લ્યો તેમ વાત કરેલ પરંતુ અમારે તેની સમાધાન કરવુ ન હોય અને તેના વિરૂધ્ધ ફરીયાદ લખાવવી હોય જેથી હુ તથા મારો દિકરો ફારૂક અહી પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા આવેલ છીએ અને હાલમાં આ વાછરડીના અવશેષો વોરાના કબ્રસ્તાન પાસે બુગદા પડેલ છે અને ત્યાં અમારા સંબંધીને રાખેલ હોય તમો પોલીસે અમારી સાથે બુગદામાં આવતા અને જોઇ તપાસીને વેટરનરી ડોકટર શ્રી જે.એમ. ઠુંમર સાહેબને બોલાવીને તપાસ કરાવતા ગૌવંશ વાછરડીના જ અવશેષો હોવાનું જણાવેલ જેથી આ સલીમભાઇ કાદરભાઇ મકરાણીએ અમારી વાછરડી આશરે બે વર્ષની ચોરી છુપીથી અમારા ઘરના ફળીયામાંથી ચોરી કરી લઇ જઇ તેના ઘરે લગ્ન પ્રસંગ હોય જેથી હલાલ કરી અકની બનાવી જાનૈયાઓને ખવડાવી દઇ ધાર્મિક લાગણી દુભાય તેવું કૃત્ય કરેલ હોય તો તેની સામે ધોરણસર થવા મારી ફરીયાદ છે" આથી જયારે આ ગૌહત્યાનો કેસ હોય તે ખુબ સંવેદનશીલ કેસ હોવાના કારણે અને આ ગૌહત્યાથી હિન્દુ પ્રજાની લાગણી દુભાયેલ હોય અને જયારે પોલીસને આ બાબતની જાણ થતાં તે વોરાના કબ્રસ્તાન પાસે આવેલ બુગદા પાસે આવેલ અને ફરીયાદ લેતા પહેલા તેણે આ પંચનામુ કરેલ હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે અને ત્યારપછી તેણે પ્રાથમિક તપાસણી કરીને ફરીયાદીએ જયારે ફરીયાદ આપેલ હોય અને સાંજના ૪.૩૦ કલાકે ફરીયાદ લીધેલ હોય આથી આ પંચનામાથી તો ફરીયાદ પક્ષને વધારે સમર્થન મળે છે અને ફરીયાદીની જુબાનીને પણ વધારે સ્પષ્ટપણે સમર્થન મળે છે.

(૨૧) આ ઉપરાંત આરોપીના વિ.વ.શ્રીએ એવી પણ રજુઆત કરેલ છે કે,

WWW.LIVELAW.IN



પોલીસે ફરીયાદી જે જગ્યાએ વાછરડી બાંધતા હતા તે જગ્યાનું પંચનામુ કરેલ નથી. પરંતુ ઉપર ચર્ચા કર્યા પ્રમાણે આરોપીના વિ.વ.શ્રીએ કોઈપણ જગ્યાએ એવો બચાવ લીધેલ નથી અથવા તો ફરીયાદીની એ હકીકતને પડકારેલ નથી કે તેઓ ગાયની વાછરડી રાખતા હતા અને તેમના ઘરમાં બાંધતા હતા. આથી આ દલીલમાં કોઈ તથ્ય જણાઈ આવતુ નથી.

(૨૨) આ ઉપરાંત આરોપીના વિ.વ.શ્રીએ એવી પણ રજુઆત કરેલ છે કે, જે જગ્યાએ વાછરડીની કતલ કરેલી તે જગ્યાનું પંચનામુ કરેલ નથી. પરંતુ આરોપીએ કઈ જગ્યાએ વાછરડીની કતલ કરેલી તેની જાણ સ્વાભાવિક રીતે આરોપીને જ હોય શકે અને આરોપી આ હકીકત પોલીસને જણાવે નહી ત્યાં સુધી પોલીસને આ બાબતની જાણ થાય નહી. આમછતાં જ્યારે આરોપીના ઘરમાં આ વાછરડીના માંસની બિરીયાની મળી આવેલ હોય વાછરડીની કતલ આરોપીએ કયાં કરેલી તે બાબત મહત્વની બની રહેતી નથી.

(૨૩) આરોપીના વિ.વ.શ્રીએ એક એવી પણ રજુઆત કરેલ છે કે, તમામ પંચ સાહેદોએ ફરીયાદ પક્ષને સમર્થનકારક જુબાની આપેલ નથી. આ કામમાં ફરીયાદ પક્ષ દ્વારા જે જગ્યાએથી એટલે કે વોરાના કબ્રસ્તાન પાસે આવેલ બુગદામાંથી વાછરડીના બે પગ, માથુ અને પુછડી મળી આવેલ તે જગ્યાના પંચ સાહેદ મહમદ ઈકબાલભાઈ કોલીયાને આંક ૧૨ થી તપાસી તેમની જુબાનીમાં આંક ૧૩ થી અસલ પંચનામુ રજુ કરેલ છે. આ પંચનામાના બીજા પંચ સાહેદ ઈમ્તીયાઝ યુસુફ માજોઠીને આંક ૧૪ થી તપાસેલ છે. આ બંને પંચ સાહેદોએ ફરીયાદ પક્ષને સમર્થનકારક જુબાની આપેલ નથી. પરંતુ ઉપર કરેલ ચર્ચા પ્રમાણે આરોપીની ઉલટ તપાસથી જ એ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, આરોપીએ એવું કબુલ કરેલ છે કે, આ વોરાના કબ્રસ્તાન પાસે આવેલ બુગદામાં ફરીયાદીની વાછરડીનુ માથુ, બે પગ અને પુછડી મળી આવેલી અને તેથી આ બંને પંચ સાહેદોએ ફરીયાદ પક્ષને સમર્થનકારક જુબાની આપેલ ન હોવાછતાં ફરીયાદ પક્ષના કેસને નુકશાન થઈ શકતુ નથી.

(૨૪) આરોપીના વિ.વ.શ્રીએ એવી પણ રજુઆત કરેલ છે કે, મુદામાલ હથિયારો છરી કબજે કર્યાના પંચ સાહેદોએ પણ ફરીયાદ પક્ષને સમર્થનકારક જુબાની આપેલ નથી. ફરીયાદ પક્ષ દ્વારા આંક ૧૮ થી છરી કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ ઈસ્માઈલભાઈ

WWW.LIVELAW.IN



દાઉદભાઈને તપાસી તેમની જુબાનીમાં આંક ૧૯ થી અસલ પંચનામુ રજુ કરેલ છે અને તે પંચનામાના બીજા પંચ સાહેદ મુનાફભાઈ કરીમભાઈ ખલીફાને આંક ૨૨ થી તપાસેલ છે. આ બંને પંચ સાહેદોએ ફરીયાદ પક્ષને સમર્થનકારક જુબાની આપેલ નથી. પરંતુ જયારે એ હકીકત સાબિત થયેલ હોય કે આરોપીએ વાછરડીની કતલ કરેલી અને તેના માંસમાંથી બિરીયાની બનાવી જાનૈયાઓને ખવડાવી દીધેલી તો તે સંજોગોમાં આ છરી કબજે કર્યાના પંચ સાહેદો ફરીયાદ પક્ષને સમર્થન ન આપે તેમછતાં ફરીયાદ પક્ષના કેસને કોઈજ નુકશાન થતુ નથી.

(૨૫) આ ઉપરાંત ફરીયાદ પક્ષ દ્ધારા ફરીયાદીની ફરીયાદ પ્રમાણેનો ગુનો દાખલ કરનાર પી.એસ.ઓ. સુરેશભાઈ પોપટભાઈ કોટડીયાને આંક ૩૪ થી તપાસેલ છે. તેમણે એવું જણાવેલ છે કે, ફરીયાદ પ્રમાણે તેમણે ગુનો દાખલ કરી સ્ટેશન ડાયરીમાં તેની નોંધ કરી આગળની તપાસ પી.એસ.આઈ. મીઠાપરાને સોંપેલી. તેમની જુબાનીમાં આંક ૩૬ થી સ્ટેશન ડાયરીના ક્રમ નં.૨૩ ના ઉતારાની નકલ રજુ કરેલ છે.

(૨૬) આ ઉપરાંત ફરીયાદ પક્ષ દ્ધારા આંક ૩૭ થી તપાસ કરનાર અમલદાર પી.એસ.આઈ.શ્રી જયસુખભાઈ બીજલભાઈ મીઠાપરાને તપાસેલ છે. તેમણે પણ તેમની જુબાનીમાં આ ગુનાની જે રીતે તપાસ કરેલી તે ક્રમાનુસાર જણાવેલ છે. આ સાહેદની પણ આરોપીના વિ.વ.શ્રીએ લંબાણપુર્વક ઉલટ તપાસ કરેલ છે. પરંતુ આરોપીને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત મળી આવેલ નથી.

(૨૭) આ કામમાં મહત્વની હકીકત એ છે કે, આ એક ફરીયાદીની વાછરડીની ચોરીનો અને ત્યારબાદ તેની કતલ કર્યાનો કેસ છે. સામાન્ય રીતે ચોરીના કેસમાં કોઈ ચોરને જંગમ મિલકત ચોરી જતા જોતા હોતા નથી અને તેથી આ અનુસંધાને જે તે વખતે તેના માલિક રોકી શકતા હોય. આથી આવા કેસમાં સીધો પુરાવો ઉપલબ્ધ હોઈ શકે નહી અને તેથી સાંયોગિક પુરાવાઓને આધારે જ આવા કેસ સાબિત થઈ શકતા હોય છે. આથી આ કેસ સાંયોગિક પુરાવાનો કેસ હોય તેના અનુસંધાને પડેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓની જે ઉપર પ્રમાણે ચર્ચા કરી તે પ્રમાણે ફરીયાદ પક્ષ ફરીયાદી પાસે વાછરડી હતી

WWW.LIVELAW.IN



અને તે ચોરાઈ ગયેલી અને ત્યારબાદ તેના અવશેષો વોરાના કબ્રસ્તાન પાસે આવેલ બુગદામાંથી મળેલ હોવાનું જે સાબિત કરેલ છે તે સાંયોગિક પુરાવાઓની સાંકળની એક એક કડી સાથે મળે છે. આ ઉપરાંત આ વાછરડીની હત્યા કરીને આરોપીએ તેની બિરીયાની બનાવી તેમની દીકરીના લગ્ન પ્રસંગે આવેલ જાનૈયાઓને ખવડાવી દીધાનો જે આક્ષેપ છે તે પણ ઉપર કરેલ ચર્ચા પ્રમાણે ફરીયાદ પક્ષે સાબિત કરી સાંયોગિક પુરાવાની સાંકળની વધુ એક મજબુત કડી પણ અન્ય કડીઓ સાથે સાંકળી શકેલ છે. આ ઉપરાંત વોરાના કબ્રસ્તાન પાસે આવેલ બુગદામાંથી જે અવશેષો મળી આવેલા તે વાછરડીના જ હોવાનું અને આરોપીના ઘરેથી જે બિરીયાની મળી આવેલ તેમાં માંસ હોવાનું પણ ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર લાવવામાં સફળ નિવડેલ છે અને ફરીયાદ પક્ષનો જયારે એવો સ્પષ્ટ કેસ હોય કે આરોપીના ઘરે તેની દીકરીનો લગ્ન પ્રસંગ હોય તેની પાસે શાકના પૈસા ન હોય ફરીયાદીની વાછરડીની ચોરી કરી તેની કતલ કરી બિરીયાની બનાવેલ તે હકીકત અનુસંધાને આરોપી દ્વારા કોઈપણ સાહેદની ઉલટ તપાસમાં આ હકીકતને પડકારેલ નથી તેમજ આરોપીનુ સી.આર.પી.સી. કલમ ૩૧૩ મુજબ નિવેદન લેવામાં આવેલ છે તેમાં પણ તેમને એવો પ્રશ્ન પુછવામાં આવેલ છે કે, ફરીયાદીએ એવું જણાવેલ છે કે, “સલીમભાઈએ એવું પણ જણાવેલ કે મારા ઘરે છોકરીનો પ્રસંગ હોય અને શાક બનાવવાના પૈસા ન હોય તમારી વાછરડી ચોરી લઈ જઈ તેને કાપી નાંખી બિરીયાની બનાવેલ છે" તો તેના જવાબમાં ફકત ફરીયાદીએ ખોટી હકીકત જણાવેલ છે તેવું જણાવેલ છે. તે જ રીતે તેમને વિશેષમાં કાંઈ કહેવું છે? તેવુ પુછતા તેમણે ફકત એટલુ જ જણાવેલ છે કે, અમોએ આવો કોઈ ગુનો કરેલ ન હોય ખોટી રીતે સંડોવી દીધેલ છે અને અમો નિર્દોષ છીએ. આમ જયારે સી.આર.પી.સી. કલમ ૩૧૩ ના વિશેષ નિવેદનમાં આરોપીને સ્પષ્ટપણે એવો પ્રશ્ન પુછવામાં આવેલ હોય કે ફરીયાદ પક્ષના કેસ પ્રમાણે તેમના ઘરે તેમની દીકરીનો લગ્ન પ્રસંગ હતો તો તેણે તેવી હકીકતનો સ્પષ્ટપણે ઈનકાર કરવો જોઈએ અને વિશેષ નિવેદનમાં પણ તેમણે આ હકીકતનો સ્પષ્ટપણે ઈનકાર કરવો જોઈએ. આમ આરોપીને આ બાબતે ખુલાસો કરવાની પુરતી તક આપેલ છે પરંતુ ફકત તેમણે ખોટી વાત હોવાનું જણાવેલ છે અને સ્પષ્ટપણે ઈનકારીયતનો કેસ રજુ કરેલ નથી કે

WWW.LIVELAW.IN



આવો કોઈ બચાવ પણ લીધેલ નથી કે તેમની દીકરીનો લગ્ન પ્રસંગ હતો જ નહી. આ ઉપરાંત જયારે તેમને વિશેષ નિવેદનમાં એવું પુછવામાં આવેલ હોય કે, ફરીયાદીએ એવું જણાવેલ છે કે, આરોપીએ તેની વાછરડી ચોરી લઈ જઈ તેને કાપી નાંખી બિરીયાની બનાવેલ તેના જવાબમાં ફરીયાદી ખોટી હકીકત જણાવતા હોવાનું જણાવેલ છે. પરંતુ તેમણે એવું કોઈપણ જગ્યાએ જણાવેલ નથી કે તેમણે આવી કોઈ બિરીયાની બનાવેલ નથી જયારે ફરીયાદ પક્ષના સાહેદોના જણાવ્યા પ્રમાણે આરોપીના ઘરે બિરીયાની બનાવેલી હતી તેના નમુના લેવામાં આવેલ છે. આમ જયારે આરોપીના કલમ ૩૧૩ મુજબના વિશેષ નિવેદનને પણ ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓના અનુસંધાને જોવામાં આવે તો સાંયોગિક પુરાવાઓની સાંકળની કડીઓ એકબીજા સાથે મજબુત રીતે સંકળાયેલ હોય તેવું રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે.

(૨૮) આ કામમાં ફરીયાદ પક્ષ દ્વારા આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.ક. ૩૭૯ મુજબનુ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે તેમાં જણાવેલ વ્યાખ્યાના અનુસંધાને ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાની જે ચર્ચા કરેલ છે તે આધારે ફરીયાદી પાસે ગાયની વાછરડી હોવાનું અને આરોપી આ વાછરડી ફરીયાદીની કોઈપણ જાતની સંમતિ સિવાય લઈ ગયેલ હોવાનું જણાઈ આવે છે. ઈ.પી.કો.ક.૩૭૮ માં જે ચોરીની વ્યાખ્યા આપેલ છે તે પ્રમાણે આરોપીએ ફરીયાદીના કબજામાં જે ફરીયાદીની પોતાની વાછરડી હતી તે તેની સંમતિ વિના આરોપી લઈ ગયેલાનું સાબિત થાય છે. આ ઉપરાંત આ વ્યાખ્યા પ્રમાણે તો કદાચ ફરીયાદી આ વાછરડીના માલિક ન હોય તો પણ જયારે તે વાછરડી ફરીયાદીના કબજામાં હોય અને ફરીયાદીની સંમતિ વિના તેને લઈ જવામાં આવે તો પણ આ ચોરીની વ્યાખ્યાની જોગવાઈમાં પડે છે. આ ઉપરાંત આ વ્યાખ્યામાં એવું પણ જણાવેલ છે કે, આવું લઈ જવાનું કૃત્ય અપ્રમાણિકપણે કરવામાં આવ્યુ હોય કે બદદાનતથી લઈ લેવાના ઈરાદાથી આ મિલકતને ખસેડેલ હોય તેને ચોરી કહેવાય. આ કામે રેકર્ડ ઉપરથી સાબિત થાય છે કે, આરોપીએ તેની દીકરીના લગ્નપ્રસંગે શાક બનાવવાના પૈસા ન હોય આ વાછરડીના ગૌમાંસમાંથી બિરીયાની બનાવવા માટે લઈ ગયેલાનું જણાઈ આવે છે. આથી

WWW.LIVELAW.IN



આરોપીની બદદાનત પણ રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે. આમ, ઈ.પી.કો.ક.૩૭૯ મુજબના ગુનાના તત્વો ફરીયાદ પક્ષ નિઃશંકપણે સાબિત કરી શકેલ છે.

(૨૯) આ ઉપરાંત આરોપી વિરૂધ્ધ ઈ.પી. કો. ક. ૪૨૯ મુજબના ગુનાનો આક્ષેપ છે તેમાં બગાડ અંગેના ગુનાની સજાની જોગવાઈ છે અને બગાડ કોને કહેવાય તેની ઈ.પી. કો.ક. ૪૨૫ માં વ્યાખ્યા આપેલ છે. તે વ્યાખ્યા જોતાં તેમાં સ્પષ્ટપણે એવી જોગવાઈ કરેલ છે કે, "કોઈપણ વ્યક્તિ, જનતાને અથવા કોઈ વ્યક્તિને સદોષ નુકશાન અથવા હાનિ કરવાના ઈરાદાથી અથવા પોતે તેમ કરશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં કોઈ મિલકતનો નાશ કરે અથવા કોઈ મિલકત કે તેની સ્થિતિમાં એવો કોઈ ફેરફાર કરે કે જેથી તેની કીમત અથવા ઉપયોગિતામાં ઘટાડો થાય કે તે નાશ પામે અથવા તેને તેથી નુકશાન થાય તે વ્યકતિ બગાડ કરે છે." આ કામમાં પણ આરોપી દ્વારા ફરીયાદીની વાછરડી તેના ગૌમાંસમાંથી બિરીયાની બનાવવા માટે ચોરી કરીને લઈ ગયેલ છે અને તેના આવા કૃત્યથી ફરીયાદીને નુકશાન થયેલ છે તેવું પણ ફરીયાદ પક્ષ નિઃશંકપણે સાબિત કરી શકેલ છે.

(૩૦) આ ઉપરાંત ફરીયાદ પક્ષ દ્વારા આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.ક. ૨૯૫(ક) મુજબના ગુનાનું પણ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે તેમાં જણાવેલ વ્યાખ્યા મુજબ, કોઈ વર્ગની ધાર્મિક લાગણી દુભાવવાનાં ઈરાદાથી તેનાં ધર્મ અથવા ધાર્મિક માન્યતાનુ અપમાન કરતુ જાણીબૂજીને તથા દ્વેષપૂર્વક કૃત્ય કરેલુ હોય તો તે અંગેની સજાની જોગવાઈ છે. પરંતુ આ કામમાં ઉપર ચર્ચા કર્યા પ્રમાણે ફરીયાદ પક્ષનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો આરોપીએ આ ગૌવંશની કતલ તેની પુત્રીના લગ્ન પ્રસંગે શાકના પૈસા ન હોવાના કારણે કરેલ છે અને તેની બિરીયાની બનાવેલ છે. આથી ફરીયાદ પક્ષ આરોપીનો એવો ઈરાદો કે કોઈ લોકોના ધર્મનુ તથા ધાર્મિક માન્યતાનુ અપમાન કરવાના ઈરાદાથી ધાર્મિક લાગણીઓને આઘાત પહોંચાડવાના ઈરાદાથી આવુ કૃત્ય કરેલ હોય તેવું રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે સાબિત કરી શકેલ નથી. આમ ફરીયાદ પક્ષ ઈ.પી.કો.ક.૨૯૫(ક) મુજબના ગુનાના તત્વો નિઃશંકપણે સાબિત કરી શકેલ નથી.

(૩૧) આ ઉપરાંત ફરીયાદ પક્ષ દ્વારા આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.ક. ૨૦૧

WWW.LIVELAW.IN



મુજબના ગુનાનુ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે પરંતુ આ જોગવાઈ જો કોઈ અન્ય વ્યકતિ બીજા મુખ્ય ગુનેગારને બચાવવા માટે ગુનાનો પુરાવો ગુમ કરવા અથવા ખોટી માહિતી આપેલ હોય તો લાગુ પાડી શકાય. આથી આ કામે ઈ.પી. કો.ક. ૨૦૧ મુજબના ગુનાના તત્વો ફરીયાદ પક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો તે નિઃશંકપણે સાબિત થઈ શકતા નથી.

(૩૨) ફરીયાદ પક્ષ દ્વારા આરોપી વિરૂઘ્ધ ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ–૬ ના ભંગ બદલ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૧ ની કલમ ૮(૩) મુજબની શિક્ષાનેપાત્ર ગુનાઓ તથા ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૧ ની કલમ–૬ખ(૧) ના ભંગ બદલ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૧ ની કલમ ૮(૪) મુજબની શિક્ષાનેપાત્ર ગુનાઓ તથા ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ ૫(૧–ક) ના ભંગ બદલ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ ૮(૨) મુજબની શિક્ષાનેપાત્ર ગુનાઓ કર્યાનો આક્ષેપ કરેલ છે અને તે મુજબ આરોપી વિરૂઘ્ધ તહોમતનામુ પણ ફરમાવવામાં આવેલ છે. ઉપરોકત હકીકતના અનુસંધાને ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમની કલમ–૫ જોવામાં આવે તો, યોગ્ય સત્તાધિકારીના પ્રમાણપત્ર વગર અમુક પશુઓના વઘ ઉપર પ્રતિબંઘ મુકવામાં આવેલ છે અને તેની પેટા કલમ (૧–ક) માં એવી સ્પષ્ટ જોગવાઈ કરેલ છે કે, પેટા કલમ–(૧) હેઠળનું કોઈ પ્રમાણપત્ર ગાય, ગાયની વાછરડી કે વાછરડો અને વાછરડો હોય તો તે ખસી કરેલ હોય કે ન હોય, ધણખૂંટ અને બળદના સંબંધમાં આપી શકશે નહી. આમ, આ જોગવાઈ પ્રમાણે ગાય કે ગૌવંશના કોઈપણ વાછરડી કે વાછરડો વગેરેના વઘ માટે કાયદેસરની પરવાનગી આપી શકાય તેમ નથી. આ કામમાં ગૌવંશની હત્યા થયાનું ફરીયાદ પક્ષ નિઃશંકપણે સાબિત કરી શકેલ છે.

(૩૩) આ ઉપરાંત ગુજરાત પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ ૧૯૫૪ ની કલમ–૬ જોવામાં આવે તો પશુઓના વઘ માટે નિર્દિષ્ટ નહી કરેલા સ્થળોએ પશુઓનો વઘ કરવા ઉપર પ્રતિબંઘ મુકતી જોગવાઈ છે. આ કામમાં ફરીયાદ પક્ષનો પુરાવો જોવામાં આવે

WWW.LIVELAW.IN



તો તેમણે એવો કોઈ પુરાવો આપેલ નથી કે આરોપીએ નિર્દિષ્ટ નહી કરેલા સ્થળે ગૌવંશની હત્યા કરેલ છે. આથી ગુજરાત પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૧ ની કલમ–૬ ના ભંગની આ કલમની જોગવાઈ આરોપી વિરૂધ્ધ લાગુ પાડી શકાય તેમ નથી. આ ઉપરાંત ગુજરાત પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૧ ની કલમ–૬ખ(૧) જોવામાં આવે તો, ગૌમાંસ અથવા ગૌમાંસની બનાવટોનું વેચાણ, સંગ્રહ, હેરફેર કે ખરીદી કરવા સામે પ્રતિબંધ કરતી જોગવાઈ કરેલ છે. આ કામમાં ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધ કોઈ પણ જગ્યાએ એવો પુરાવો રજુ કરી શકેલ નથી કે આરોપીએ ગૌમાંસની બનાવટોનું વેચાણ અથવા ખરીદી કરેલ છે. આથી ગુજરાત પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૧ ની કલમ–૬ખ(૧) ના ભંગની આ કલમની જોગવાઈ આરોપી વિરૂધ્ધ લાગુ પાડી શકાય તેમ નથી. ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ ૫, ૬ તથા ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૧ ની કલમ–૬ખ(૧) જે છે તે પ્રતિબંધ ફરમાવતી જોગવાઈઓ છે અને તે કોઈ પીનલ સેકશન નથી. પરંતુ આ જે પ્રતિબંધ જે કલમોમાં દર્શાવેલ છે તેની સજાની જોગવાઈ કલમ–૮(૨) કલમ–૮(૩) અને કલમ–૮(૪) માં આપેલ છે. ફરીયાદ પક્ષ ગુજરાત પશુ સરંક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ–૬ તથા ગુજરાત પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૧ ની કલમ–૬ ખ(૧) મુજબનો આક્ષેપ સાબિત કરી શકેલ નથી પરંતુ કલમ–૫(૧–ક) કે જે ગૌવંશની હત્યા અને કતલ કરવા સામે પ્રતિબંધ દર્શાવેલ છે અને તેનુ ઉલ્લંઘન કરેલ તેની સજાની જોગવાઈ ગુજરાત પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ–૮(૨) માં આપેલ છે જે કલમ–૮(૨) ની જોગવાઈ જોઈએ તોઃ–

"જે કોઈ વ્યક્તિ, કલમ–૫ ની પેટા કલમ–(૧) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને, કલમ–૫ ની પેટા કલમ (૧–ક) માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના કોઈ પશુનો વધ કરે, તેને દોષિત ઠર્યેથી, આજીવન કેદ સુધીની પરંતુ દસ વર્ષથી ઓછી નહી તેટલી મુદતની કેદની અને પાંચ લાખ રૂપિયા સુધીના દંડની પરંતુ એક લાખ રૂપિયાથી ઓછો નહી તેટલા દંડની શિક્ષા થશે." આમ, આ કાયદાની કલમ–૫(૧–ક) માં જે ગૌવંશની હત્યા કે કતલનો પ્રતિબંધ દર્શાવેલ છે તેનું ઉલ્લાંઘન કરીને આરોપીએ આ કાયદાની કલમ–૮(૨)

WWW.LIVELAW.IN



મુજબની શિક્ષાનેપાત્ર ગુનો કર્યાના તત્વો ફરીયાદ પક્ષ નિઃશંકપણે સાબિત કરી શકેલ છે.

(૩૪) આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં અને ફરીયાદ પક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો તથા આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસ તથા તેમની રજુઆતો તથા સી.આર.પી.સી. કલમ ૩૧૩ મુજબનું આરોપીના વિશેષ નિવેદનની હકીકતો એકસાથે ધ્યાને લેવામાં આવે તો ફરીયાદ પક્ષ આરોપી વિરૂદ્ઘ ઈ.પી.કો.ક. ૩૭૯, ૪૨૯ તથા ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ ૫(૧–ક) ના ભંગ બદલ, ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ–૮(૨) મુજબની શિક્ષાનેપાત્ર ગુનાઓ નિઃશંકપણે સાબિત કરી શકેલ છે. તેથી મુદા નં.૧ તથા મુદ્ધા નં.૫ નો જવાબ હકારમાં આપવામાં આવેલ છે. જયારે ઈ.પી. કો. ક. ૨૯૫(ક), ૨૦૧ તથા ગુજરાત પશુ સરંક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ–૬ તથા ગુજરાત પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૧ ની કલમ ૬ખ(૧) મુજબના ભંગનો આક્ષેપ સાબિત કરી શકેલ ન હોઈ, મુદ્ધા નં.૨ થી મુદા નં.૪ નો જવાબ નકારમાં આપી, મુદા નં.૬ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે આવે છે.

## <u>હુ ક મ</u>

(૩૫) ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૨૩૫(૧) હેઠળ, આ કામના આરોપી સલીમભાઈ કાદરભાઈ મકરાણી, રહે.રસુલપરા, ઈદગાહ સામે, જુના ઉપલેટા રોડ, ધોરાજીવાળાને, ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૫(ક), ૨૦૧ તથા ગુજરાત પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૧ ની કલમ–૬, ૬ખ(૧) મુજબના ભંગ બદલ ગુજરાત પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૧ ની કલમ–૮(૩) તથા કલમ ૮(૪)મુજબની શિક્ષાનેપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ

(૩૬) ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૨૩૫(૨) હેઠળ, આ કામના આરોપી સલીમભાઈ કાદરભાઈ મકરાણી, રહે.રસુલપરા, ઈદગાહ સામે, જુના ઉપલેટા રોડ, ધોરાજીવાળાને, ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯, ૪૨૯ તથા ગુજરાત પશુ સરંક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ ૫(૧–ક) ના ભંગ બદલ, ગુજરાત પશુ સરંક્ષણ સુધારા

WWW.LIVELAW.IN



અધિનિયમ ૨૦૧૭ ની કલમ–૮(૨) મુજબની શિક્ષાનેપાત્ર ગુનાઓ સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સજા બાબતે આરોપીને સાંભળવા કેસ મુલત્વી રાખવામાં આવે છે.

મુ.ધોરાજી.
તા.૦૬/૦૭/૨૦૧૯.

( હેમંતકુમાર અરવિંદરાય દવે )
બીજા એડીશ્નલ સેશન્સ જજ,
રાજકોટ, એટ ધોરાજી.
કોડ નં. જીજે–૦૦૩૮૫

સજા અંગે સાંભળ્યા.

(૩૭) આરોપીના વિ.વ.શ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, આરોપીના માતાપિતા સીનીયર સીટીઝન છે તથા આરોપીને ત્રણ સંતાનો છે અને તેઓના ભરણપોષણની જવાબદારી તેઓ ઉપર છે. આ ઉપરાંત ચાલુ ટ્રાયલ દરમિયાન પણ આરોપીની વર્તણુંક સારી રહેલ છે તેથી ઓછામાં ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે.

(૩૮) આ કામે વિ. સરકારી વકીલશ્રી આજરોજ રજા ઉપર છે અને ધોરાજી ખાતે બીજી સેશન્સ કોર્ટ આવેલ ન હોય બીજા સરકારી વકીલશ્રી ઉપલબ્ધ નથી આથી જેતપુર અથવા ગોંડલ મુકામેથી સરકારી વકીલશ્રીને બોલાવવા પડે. સ્વાભાવિક છે કે ગોંડલ અને જેતપુર ખાતે પણ આજરોજ સેશન્સ કોર્ટમાં બીજા કેસો રાખેલ હોય અને તેમની ટ્રાયલમાં સરકારી વકીલશ્રીની જરૂર હોય તેથી તે તમામ કામ પતાવીને આ કોર્ટમાં તેઓને હાજર થતા ખુબજ મોડુ થઈ શકે તેવી શકયતા છે આથી વિદ્વાન સરકારી વકીલશ્રીની ગેરહાજરીમાં આરોપીના વિ.વ.શ્રીની દલીલ તથા પડેલ પુરાવો ધ્યાને લઈ આખરૂ હુકમ ફરમાવવો ન્યાયના હિતમાં ઉચિત જણાઈ આવે છે.

(૩૯) આ કામે આરોપી વિરૂદ્ધ પુરવાર થયેલ આક્ષેપ એ છે કે, તેમણે ફરીયાદીની આશરે બે વરસની ગાયની વાછરડીની ચોરી કરીને કતલ કરેલ છે. ગાયની વાછરડીની કતલ કરવાથી અમુક કોમની સામાજિક અને ધાર્મિક લાગણી દુભાય તેમ છે તથા

WWW.LIVELAW.IN



ગાયને કારણે પર્યાવરણમાં સારી અસર થાય છે. આ તમામ હકીકતને ધ્યાને લઈને જ સરકારશ્રી દ્વારા ગાયની કતલને રોકવા માટે કડક કાયદો લાવેલ છે. આરોપી દ્વારા જે રજુઆત કરેલ છે કે તેના માતાપિતા સિનીયર સીટીઝન છે અને તેઓને ત્રણ સંતાનો છે અને તેમની ઉપર બાળકોના ભરણપોષણની જવાબદારી છે. પરંતુ તે હકીકતે આરોપીએ આ ગુનો કરતા પહેલા વિચારવાનુ હોય કે આવા ગુનાઓ કરવાથી તેમનુ શું પરિણામ આવી શકે તેમ છે. આમછતાં આરોપીની રજુઆત તથા ફરીયાદ પક્ષ દ્વારા જે કેસ રજુ કરેલ છે કે આરોપીની દીકરીના લગ્ન હતા અને તેની પાસે પૈસાની સગવડ ન હોય તેના કારણે તેણે ફરીયાદીની ગાયની વાછરડી, દીકરીના લગ્ન સમયે શાકના પૈસા ન હોય જાનૈયાઓને બિરીયાની ખવડાવવા માટે ફરીયાદીની વાછરડીની ચોરી કરી તેના કતલ કરી તેના ગૌમાંસની બિરીયાની બનાવી જાનૈયાઓને ખવડાવેલ છે. આમ આ તમામ હકીકત જોતા આરોપી વિરૂધ્ધ દયા દાખવવાનું પણ ન્યાના હિતમાં ઉચિત જણાય છે તેથી કાયદામાં જે લઘુતમ સજાની જોગવાઈ કરેલ છે તે સજા કરવાનું ન્યાયના હિતમાં ઉચિત જણાય આવેલ છે આથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## આખરી હુકમ

(૧) ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૨૩૫(૧) હેઠળ, આ કામના આરોપી સલીમભાઈ કાદરભાઈ મકરાણી, ઉ.વ.૪૨, રહે.રસુલપરા, ઈદગાહ સામે, ઉપલેટા રોડ, મુ.ધોરાજીવાળાને, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં ૧(એક) વર્ષની સાદી કેદની સજા તથા રૂા. ૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ૧૫ (પંદર)દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે તેમજ,

(૨) ભારતીય દંડ સંહિતાની કલમ–૪૨૯ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં ૧(એક) વર્ષની સાદી કેદની સજા તથા રૂા. ૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ૧૫ (પંદર)દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે તેમજ,

WWW.LIVELAW.IN



(૩) ગુજરાત પશુ સરંક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ ૫(૧–ક) ના ભંગ બદલ, ગુજરાત પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ–૮(૨) મુજબના શિક્ષાનેપાત્ર ગુના સબબ, ૧૦(દસ) વર્ષની સાદી કેદની સજા તથા રૂા. ૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ૧(એક) વરસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ઉપરોકત તમામ સજાઓ એકીસાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આરોપીએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આ કામે કબજે કરેલ મુદામાલ છરી તેમજ કાતોનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) હાલમાં આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં હોય આરોપીનું સજાવોરંટ ભરી સંબંધિત જેલરશ્રીને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૮) આ હુકમની એક નકલ આરોપીને વિનામુલ્યે તાત્કાલિક આપવાનો હુકમ કરવામાં આવે છે.

– હુકમ, આજ તા.૬ ઠ્ઠી માંહે–જુલાઈ, સને–૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

મુ.ધોરાજી.
તા.૦૬/૦૭/૨૦૧૯

( હેમંતકુમાર અરવિંદરાય દવે )
બીજા એડીશ્નલ સેશન્સ જજ,
રાજકોટ, એટ ધોરાજી.
કોડ નં.જીજે ૦૦૩૮૫